મકરસંક્રાંતિ પર રાશિ અનુસાર દાન

જ્યોતિષ અનુસાર મકરસંક્રાંતિના દિવસે 'સૂર્ય' ધન રાશિમાંથી નીકળીને મકર રાશિમાં પ્રવેશ કરે છે..., જેને ઘણું જ શુભ માનવામાં આવે છે. આ દિવસે આપવામાં આવેલા દાનનું ફળ સો ગણું થઈને દાનદાતાને પ્રાપ્ત થાય છે.. તેથી તમે પોતાની રાશિ અનુસાર દાન કરવાથી વ્યક્તિની દરેક મનોકામનાઓ પૂરી થઈ જાય છે. તમે પણ જાણો કે, મકરસંક્રાંતિના દિવસે રાશિ અનુસાર કયું દાન કરવું?

મેષ: મેષ રાશિવાળા વ્યક્તિ આકર્ષક અને પ્રભાવશાળી સ્વભાવવાળાં હોય છે. તેમનું વ્યક્તિત્વ રૂઆબદાર અને મર્દાનગીભર્યું હોય છે. તેનાથી દરેક પ્રકારની સ્ત્રી તેમના પર તરત જ આકર્ષિત થઈ જાય છે. જ્યોતિષ અનુસાર મેષ રાશિનો સ્વામી મંગળ છે. આ રાશિનાં લોકો મકર સંક્રાંતિના દિવસે મચ્છરદાની તેમ જ તલનું દાન કરે તો શીઘ્ર જ દરેક મનોકામનાઓ પૂરી થઈ જાય છે.

વૃષભ: વૃષભ રાશિવાળાં ઉત્તમ શ્રેણીનાં પ્રેમી હોય છે. વૃષભ રાશિવાળાનો પ્રેમસંબંધ બનાવવામાં મહારત હોય છે. એ લોકો બહુ જ જલદી કોઈને પણ પ્રેમસંબંધ બનાવવામાં સક્ષમ હોય છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી શુક્ર છે. આ રાશિનાં લોકો મકરસંક્રાંતિના દિવસે ઊનનાં વસ્ત્ર તેમ જ તલનું દાન કરે તો શુભ રહેશે.

મિથુન: મિથુન રાશિવાળાં લોકોનાં જીવનમાં સામાન્ય રીતે કેટલાયે પ્રેમસંબંધ હોય છે તેના કારણે કેટલાંક લોકોને એકથી વધારે લગ્ન પણ થઈ જાય છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી બુધ છે. આ રાશિનાં લોકો જો મકર સંક્રાંતિના દિવસે તલ તેમજ મચ્છરદાનીનું દાન કરે તો ઘણો જ લાભ થાય.

કર્ક: કર્ક રાશિનાં લોકો મૂડી હોય છે. તેઓ પોતાના સંબંધ પ્રત્યે ઈમાનદાર હોય છે અને તેને જવાબદારી સાથે નિભાવે છે. આ લોકોની નિર્ણય લેવાની ક્ષમતા એટલી સારી નથી હોતી. તેમનું મગજ સ્થિર નથી રહેતું. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી ચંદ્ર છે. આ રાશિનાં લોકો માટે મકર સંક્રાંતિ પર સાબુદાણા તેમ જ ઊનનું દાન કરવું શુભ ફળ આપનાર રહેશે.

સિંહ: સિંહ રાશિવાળાં લોકોનું વ્યક્તિત્વ સિંહ જેવું હોય છે. એ લોકો ખુલ્લા વિચારવાળા હોય છે અને આકર્ષક વ્યક્તિત્વના સ્વામી હોય છે. તેમના અવાજમાં એક અલગ પ્રકારનો ખાસ ખેંચાવ હોય છે. જ્યોતિષ અનુસાર સિંહ રાશિનો સ્વામી સૂર્ય છે. મકરસંક્રાંતિના દિવસે આ રાશિનાં લોકો તલ, ધાબળો (કંબલ), તેલ, અડદની દાળ દાન કરવું.

કન્યા: કન્યા રાશિનાં જાતકને સુખ-સુવિધાઓવાળું જીવન વધારે પસંદ હોય છે. પોતાના પરિવાર પ્રત્યે એટલો ઊંડો લગાવ હોય છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી બુધ છે. આ રાશિનાં લોકોએ મકરસંક્રાંતિના દિવસે તલ, ધાબળો, તેલ, અડદની દાળનું દાન કરવું જોઈએ.

તુલા: તુલા રાશિનાં લોકો વિચારવા સમજવાનું સ્તર ઘણું ઊંચુ હોય છે. આ લોકો કોઈ પણ વાતને ઘણી સરળતાથી સમજી લે છે. સંબંધ સાચવવામાં તેમને ઘણું સુકૂન મળે છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી શુક્ર છે. આ રાશિના લોકોએ મકરસંક્રાંતિમાં તેલ, વસ્ત્ર, રૂ, રાઈ, મચ્છરદાનીનું દાન કરવું જોઈએ.

વૃશ્ચિક: વૃશ્ચિક રાશિનાં લોકોના અહમની ભાવના ઘણી હોય છે, જેનાથી કેટલીયે વાર તેમને વિવાદ થતા રહે છે. તેમને પરિવાર અને મિત્રોથી સહયોગ મળે છે. તેમને રોમેન્ટિક પ્રેમીઓની શ્રેણીમાં રાખવામાં આવે છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી મંગળ છે. આ રાશિનાં લોકોએ ઉત્તરાયણના દિવસે ગરીબોને ચોખા અને દાળની કાચી ખીચડી દાન કરવું. સાથે સાથે જ પોતાની ક્ષમતા અનુસાર ધાબળો પણ દાન કરવો જોઈએ.

ધન: ધન રાશિનાં લોકો ઘણાં સંવેદનશીલ અને ખુશમિજાજી હોય છે. તેમ દરેક પળને ખુશીથી પસાર થવા દે છે. તેમને સંપૂર્ણ સ્વતંત્રતા સાથે જીવવું પસંદ હોય છે. તેઓ પોતાના જીવનસાથીનું સંપૂર્ણ સન્માન કરે છે. જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી ગુરુ છે. આ રાશિનાં જાતકોએ મકર સંક્રાતિના દિવસે તલ અને ચણાની દાળનું દાન કરવામાં આવે તો તેમને વિશેષ લાભ થશે.

મકર: મકર રાશિવાળા સામાન્ય રીતે વિચારે છે કે, તેમને કોઈની પણ જરૂર નથી. તે પોતે દરેક કાર્ય કરવામાં સક્ષમ હોય છે. આ રાશિવાળાં થોડાંક જીદ્દી સ્વભાવનાં પણ હોય છે. આ લોકો મકરસંક્રાતિના દિવસે તેલ,તલ, ધાબળો અને પુસ્તકનું દાન કરે તો તેમની મનોકામનાઓ પૂરી થશે.

કુંભ: કુંભ રાશિનાં લોકો ઘણાં ભાવુક અને દરેક કાર્ય દિલથી કરવાવાળા હોય છે. આ રાશિવાળાં લોકો પોતાનું જીવન સ્વતંત્રતાથી જીવવા ઈચ્છે છે. જીવનસાથી પર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે. જ્યોતિષ અનુસાર આ રાશિના સ્વામી શનિ છે. મકરસંક્રાંતિના દિવસે આ રાશિનાં લોકો તલ, ચણા, સાબુદાણા, ધાબળો અને મચ્છરદાનીનું દાન કરવું જોઈએ.

મીન: મીન રાશિનાં લોકો બહુ જ ભાવુક હોય છે. તેમને કોઈ પણ આસાનીથી પ્રભાવિત કરી શકે છે. આ લોકો પ્રેમથી અતૂટ સંબંધ જાળવી રાખવા ઈચ્છે છે, પરંતુ તેમનું દિલ કોઈ વાર તૂટે છે, જ્યોતિષ અનુસાર આ રાશિનો સ્વામી ગુરુ છે. મકર રાશિના દિવસે આ લોકો તલ, ચણા, સાબુદાણા, ગરમ ધાબળો અને મચ્છરદાનીનું દાન કરવું જોઈએ.

સંક્રાંતિમાં બારેય રાશિવાળાઓએ નીચે મુજબ દાન કરવું,

મેષ, સિંહ, ધન: કાળા તલ, સ્ટીલનું વાસણ, કાળું કાપડ વગેરેનું દાન કરવું.

વૃષભ, કન્યા, કુંભ: ઘઉં, ગોળ, લાલ કાપડ, લાલ તલ, તાંબાનું વાસણ વગેરેનું દાન કરવું.

કર્ક, તુલા, મીન: ઘી, ખાંડ, સફેદ તલ, સફેદ કે પ્રિન્ટેડ કાપડ તથા રૂપાનું દાન કરવું.

મિથુન, વૃશ્ચિક, મકર: ચણાની દાળ, પીળું કાપડ, પિત્તળનું વાસણ વગેરેનું દાન કરવું.

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

મકર સંક્રાંતિ પર આ વર્ષે દુર્લભ યોગો તેમ જ પંચગ્રહી યોગ થવાથી

દાનનું બે ગણું પુણ્ય મળશે

વૈદિક જ્યોતિષ અનુસાર નવું વર્ષ 2026ની શરૂઆત અસાધારણ ગ્રહયોગોની સાથે થાય છે. જાન્યુઆરી 2026માં ગ્રહોની લાંબા સમય પછી જોવા મળે એવી વિશેષ ચાલ છે. આ સમયગાળામાં એક જ રાશિમાં પાંચ પ્રભાવશાળી ગ્રહો ભેગા થશે,જેને જ્યોતિષ શાસ્ત્રમાં 'પંચગ્રહી યોગ'કહેવાય છે.

સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ અને શુક્રનું એક સાથે હોવું જીવનનીકેટલીક મહત્ત્વની વસ્તુઓ જેવી કે ધન, માન-સન્માન અને સુખ-સમૃદ્ધિપર ઊંડી અસર થાય છે!

મકર રાશિમાં બનશે શક્તિશાળી પંચગ્રહી યોગ

જાન્યુઆરી2026 વચ્ચે આદુર્લભ સંયોગ મકરરાશિમાં આકાર લેશે. અલગ-અલગ તિથિઓ પર ગ્રહોની સ્થિતિ આવી રહેશે:

13 જાન્યુઆરી 2026: શુક્રનો મકરરાશિમાં પ્રવેશ.

14 જાન્યુઆરી 2026: મકર સંક્રાંતિના અવસર પર સૂર્યનું રાશિ-પરિવર્તન

16 જાન્યુઆરી 2026: મંગળનું મકર રાશિમાં ગોચર

17 જાન્યુઆરી 2026: બુધનો મકરમાં પ્રવેશ.

18 જાન્યુઆરી 2026 : ચંદ્ર જોડાવાથી જ પંચગ્રહી યોગ પૂર્ણરૂપે સક્રિય થશે.

આ યોગ મકર રાશિમાં થવાથી અસર કેમ વધી જાય છે

મકર રાશિનો સ્વામી શનિદેવ છે, જેને કર્મ, અનુશાસન, સંઘર્ષ અને કાયમી સફળતાનું પ્રતીક માનવામાં આવે છે એવામાં શનિની રાશિમાં બનનારા આ પંચગ્રહી યોગ સામાન્ય યોગોની સરખામણીમાં ક્યારેક વધારે સશક્ત અને પરિણામ આપનાર માનવામાં આવે છે. ખાસ કરીને જે લોકો મહેનત, જવાબદારી અને દીર્ઘકાલીન યોજનાઓ પર કામ કરી રહ્યાંહોયતેમના માટે આ યોગ નિર્ણાયક સાબિત થઈ શકે છે.

આવો, હવે જાણીએકે,જાન્યુઆરી 2026ની વચ્ચે બનવા જતો પંચગ્રહી યોગથી કઇ રાશિઓને લાભ થશે.

વૃષભ: વૃષભ રાશિવાળાને પંચગ્રહી યોગ કેરિયરમાં મજબૂતી લઈને આવશે. નોકરીમાં જવાબદારી વધી શકે છે. અધિકારીઓને તમારા પર ભરોસો બેસશે. લાંબા સમયથી કરાતા પ્રયાસમાં હવે રંગ લાવતો દેખાશે. સામાજિક માન-સન્માન પણ વધશે.

મિથુન: મિથુન રાશિ માટે આ યોગ ધન અને સ્થિરતા આપનાર છે. આવકના નવા સ્રોત ખૂલશે. રોકાણમાં લાભનો સંકેત મળશે. કુટુંબ-પરિવારમાં પણ સમતુલન રહેશે. ભવિષ્ય માટે ભરોસો મજબૂત થશે.

કર્ક: કર્કરાશિવાળાઓ માટે આ પંચગ્રહી યોગમાંથી અચાનક લાભ મળી શકે છે. રોકાયેલા, ફસાયેલા પૈસા પાછા મળશે, દેવામાંથી રાહત કે કોઈગુપ્ત યોજનાથી ફાયદોથવાના યોગ છે. રિસર્ચ કે શેર સાથે સંકળાયેલાંલોકોને વિશેષ લાભ મળી શકે છે.

સિંહ: સિંહ રાશિના આ યોગ બુદ્ધિ અને રચનાત્મકતાને મજબૂત કરશે. ભણતર, સ્પર્ધાત્મક પરીક્ષા, લેખન, મીડિયાએને કમ્યુનિકેશન સાથે સંકળાયેલાંલોકો માટે આ સમય ઘણો શુભ રહેશે. પ્રેમ, જીવન અને સંતાન સંબંધિત સંકળાયેલી ખુશખબર પણ મળી શકે છે.

તુલા: તુલા રાશિવાળાઓ માટે પંચગ્રહી યોગ નોકરી અને બિઝનેસમાં ઉન્નતિ/પ્રગતિ કરાવશે. ભાગીદારીથી લાભ થઈ શકે છે. નવો કોન્ટ્રાકટ મળવાની શકયતા છે. લગ્નજીવનમાં પણ સુધારો જોવા મળશે.

ધન: ધન રાશિ માટે આ યોગ સૌથી વધારે પ્રભાવશાળી રહેશે, કારણ કે તે તમારી જ રાશિમાં બની રહ્યો છે. આત્મવિશ્વાસ વધશે. નિર્ણય મજબૂત થશે. જીવનની દિશા ચોખ્ખી નજરે પડશે. કેરિયર, ધન અને પ્રતિષ્ઠા-આ ત્રણેય ક્ષેત્રોમાં મોટો બદલાવ આવવાની શકયતા છે.

મકર : મકર રાશિવાળાઓ માટે આ યોગથી સામાજિક સહયોગનો લાભ મળશે. મોટાંલોકો જોડે સંપર્ક વધશે, જે આગળ જઈને કામ આવશે.આવકમાં પણ ધીરે ધીરે સુધારો થશે. જ્યારે ભવિષ્યની યોજનાઓ મજબૂત થશે.

સૂર્ય-ધનરાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરશે. ગુરુથી શનિની રાશિમાં જવું તે સૂર્ય માટે મોટું પરિવર્તન છે. આ દિવસથી સૂર્ય ઉત્તરાયણ થઈ જાય છે. તેને મકરસંક્રાંતિ કહે છે.

નવા વર્ષમાં સૂર્યનું ગોચર-શનિની મકર રાશિમાં થશે.આ પ્રકારે શનિ અને સૂર્યની યુતિ બધી ચીજો મેળવશો. સૂર્ય રાજા છે અને શનિ કર્મો અનુસાર ફળ આપે છે. સામાન્ય રીતે સૂર્ય દેવનું ઉત્તરાયણ થવું ઘણું પવિત્ર માનવામાં આવે છે. એટલા માટે આદિવસે જપ, તપ અને દાન કરવું જોઈએ. એવું કહેવાય છે કે, જે આદિવસે દાન કરે છે, તેને લાભ મળે છે.

રાશિઓને સૂર્યના આ ગોચરથી લાભ

સિંહ રાશિવાળાઓને જોબ ચેન્જ કરવાથી લાભ મળશે. આંખો અને વાળની સમસ્યા થઈ શકે છે.આ સમયે તમારે ખાસ કરીને પોતાની નોકરીની તરફ ધ્યાન આપવું જોઈએ. કોશિશ કરો કે,પોતાના પૈસાને રોકાણ કરતી વખતે સમય પર સાવધાની વરતવી. કોઈ જૂનું રિટર્ન આ સમયે તમોને લાભ આપી શકે છે.

કુંભ રાશિવાળાઓ માટે સૂર્ય શનિનો યોગ ઘણો શુભ રહેશે.આ રાશિનાંલોકોને સારા સંયોગ મળશે, જેનાથી તમે બિઝનેસમાં લાભ મેળવશો. તમારે માટે ધન માટે સાવધાની વર્તવાની સલાહ આપવામાં આવે છે. મકર રાશિ માટે પણ સૂર્ય અને શનિની યુતિ ધનલાભ આપનારી છે. તમારા માટે બિઝનેસમાં આ સમય સારો યોગ લાભ આપશે. પાર્ટનરશિપ પણ સારું રહેશે. બધું મળીને સૂર્યના આગોચરથી આ બધી રાશિઓની ચાંદી જ ચાંદી રહેશે.

તમારી કુંડળીમાં શનિ અને સૂર્યની યુતિનો શું પ્રભાવ રહેશે?

એવામાં જ્યારે આ બંને ગ્રહ એક સાથે હશે તો શનિ સિંહ રાશિમાં ઘણું વધારે ખરાબ પરિણામ આપે છે. બંને પિતા-પુત્ર છે. સૂર્ય જ્યાં હોય છે તો તેના આગળના ભાવનું ફળ આપે છે અને શનિ જ્યાં ફળ આપે છે ત્યાં જ બેઠેલો હોય છે. શનિ અને સૂર્યની આ યુતિના કારણે પિતા-પુત્ર અને સંતાન જોડે સંબંધ ખરાબ થાય છે. મકર રાશિમાં આવવાના કારણે તમારા કેરિયરમાં પરેશાની આવી શકે છે.

જડીબુટ્ટી

નજુમી

હિંદુ ધર્મમાં કેટલાયે વ્રત અને તહેવાર છે જેને માટે જૂની ધાર્મિક માન્યતાઓ પણ છે. મકરસંક્રાંતિ પણ તેમાંથી એક છે. તેને હિંદુ ધર્મના મુખ્ય અને પાવન તહેવારોમાંથી એક માનવામાં આવે છે.જો કે તે પોષ મહિનામાં આવે છે.

આ મહિનામાં સૂર્ય અને ભગવાન વિષ્ણુની પૂજા કરવાથી સારું આરોગ્ય રહે છેતેમ જ સાથે સાથે સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે.

જ્યોતિષશાસ્ત્ર અનુસાર જ્યારે સૂર્યગ્રહ 'ધન રાશિ'માંથી નીકળીને 'મકર રાશિ'માં ગોચર કરે છે ત્યારે મકરસંક્રાંતિ ઉજવાય છે. આ આધારે આ તહેવારને સૂર્યની નવી શરૂઆતનું પ્રતીક માનવામાં આવે છે.

જ્યોતિષ ગણતરી અને હિંદુ પંચાંગ અનુસાર વર્ષ 2026માં સૂર્ય ગ્રહ-મકર રાશિમાં 14 જાન્યુઆરીએ ગોચર કરશે. આ ગોચરનો સમય: બપોરે 3:13 વાગ્યે થશે. આ કારણે મકરસંક્રાતિ 14 જાન્યુઆરીએ ઉજવાશે. તેને નવા વર્ષનો સૌથી મોટો તહેવાર માનવામાં આવે છે. આ દિવસે કરેલું દાન અને સ્નાનનું વિશેષ મહત્ત્વછે.

સૂર્યદેવનું ઉત્તરાયણ થવું તે ઘણું પવિત્ર ગણાતું હોવાથી જ જપ, તપ, દાન, પુણ્ય સ્નાનનો મહિમા છે

દેશભરમાં આનંદ-ઉલ્લાસ થાય છે

ભારતમાં લગભગ કેટલાંયે રાજ્યોમાં મકરસંક્રાંતિ ઉજવાય છે. બધી જગ્યાએ તેને અલગ અલગ નામથી ઓળખાય છે. ગુજરાતમાં તેને 'ઉત્તરાયણ'ના નામથી પંજાબમાં તેને લોહડી,આસામમાં માઘ બિહૂ અને તમિલનાડુમાં તેને પોંગલ રૂપે ઉજવે છે. આ દિવસે કેટલાંયે રાજ્યોમાં પતંગ ઉડાડે છે, જ્યારે કેટલીક જગ્યાએ ખીચડી બનાવવાનો રિવાજ છે. આદિવસે સૂર્ય દક્ષિણ તરફથી ઉત્તર દિશા તરફ આગળ વધે છે અને આપ્રોસેસને જ ઉત્તરાયણ કહેવાય છે. હિંદુ ધર્મમાં આ સમય ઘણો શુભ માનવામાં આવે છે. આ દરમિયાન ગંગા કે યમુના જેવી પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી બધાં પાપોમાંથી મુક્તિ મળી જાય છે. સાથે જ આ દિવસે કરેલાં દાનથી પુણ્ય મળે છે.

મકરસંક્રાંતિ પર દુર્લભ યોગ

વર્ષ 2026ની મકરસંક્રાંતિ કેટલીક રીતે ખાસ છે. આ દરમિયાન સર્વાર્થસિદ્ધિ યોગની સાથે સાથે અમૃતસિદ્ધિયોગ બનશે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર સર્વાર્થ સિદ્ધિ યોગમાં કરેલાંબધાંકામમાં સફળતા મળે છે. સાથે સાથે જ તે દરમિયાન દરેક પ્રકારનું નડતર દૂર થઈ જાય છે અને તેનો લાંબા સમય સુધી લાભ મળે છે.

મકરસંક્રાંતિ પર આ દુર્લભ યોગ હોવાથી તેનું મહત્ત્વઘણું વધી જાય છે. એવામાં 2026ની મકરસંક્રાંતિ પર કરેલાદાનનું બેગણું પુણ્ય મળે છે.

મકરસંક્રાંતિ પર કઇ ચીજોનું દાન કરવું?

મકરસંક્રાંતિ પર કરેલા દાનથી સુખ-સમૃદ્ધિમાં વધારો થાય છે. સાથે જ જિંદગીમાં સુખમાં વધારાની સાથે આરોગ્યનું વરદાન મળે છે.

આ દિવસે અનાજ જેમ કે ઘઉં, ચોખા અને દાળનું દાન કરવું જોઈએ. સાથે જ જરૂરિયાતવાળાને કપડાં અને થોડાક પૈસાનું પણ દાન કરવું જોઈએ. આ દિવસે ગાય, કૂતરાં અને પક્ષીઓને પણ ભોજન કરાવવું જોઈએ. મકરસંક્રાંતિ પર તલ અને ગોળના દાનને પણ શુભ માનવામાં આવે છે.

મકરસંક્રાંતિ પર સ્નાન-દાનનું શુભ મુહૂર્ત

જ્યોતિષશાસ્ત્રમાં સંક્રાંતિના દિવસે પુણ્યકાળ અને મહાપુણ્યકાળને અત્યંત ફળદાયક માનવામાં આવે છે. આદરમિયાન કરવામાં આવેલાં ધાર્મિક કાર્યોનું ફળ કેટલાંયે ગણું વધી જાય છે.

પુણ્યકાળ: બપોરે 03:13 વાગ્યાથી

સાંજે 05:46 વાગ્યા સુધી

મહાપુણ્યકાળ: બપોરે 03:13 વાગ્યાથી સવારે 04:58વાગ્યા સુધી.

મહાપુણ્યકાળમાં પવિત્ર નદીઓમાં સ્નાન અને દાન કરવાથી વિશેષ શુભ ફળ મળે છે.

પૌરાણિક કથાઓ અનુસાર આ દિવસે ભગવાન સૂર્ય પોતાના પુત્ર શનિદેવને મળવા ગયા હતા, જેનાથી પિતા-પુત્રનાં સ્નેહ સમર્પણનું પ્રતીક માનવામાં આવે છે.

સંક્રાંતિની અવસ્થા કુમારી હોવાથી કન્યાઓએ અને વાલીઓએ જાગૃત રહેવું

વિ.સ. 2082, પોષ વદ-11, તા. 14-01-2026, બપોરે 03:08 મિનિટે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરશે. તે સમયે અનુરાધા નક્ષત્ર બાલવ કરણ, ગંડ યોગ, તથા વૃશ્ચિકનો ચંદ્ર છે. મકરસંક્રાતિ સમયની કુંડળી વૃષભ લગ્નની છે. લગ્નેશ શુક્ર નવમા સૂર્ય સાથે બેઠેલો છે. શુક્ર જ્ઞાતિકારક અને શનિ કલત્રકારક છે જેથી રાજ્યમાં જ્ઞાતિવાદને સરકારને પાછળથી પીઠબળ મળે. પરંતુ આ સમયે આકસ્મિક મુસીબતોનો સામનો કરવો પડે. નેતાઓમાં આંતરિક વિગ્રહ થાય. ગેરકાયદે કૌભાંડો બહાર આવે. પડોશી દેશોની ચઢામણી સતામણી જોવા મળે. સ્ત્રીઓ માટે સજાગતા જરૂરી છે. દરિયાઈ વિસ્તારોમાં કુદરતી હોનારતોની ઘટના જોવા મળે. પશુઓમાં રોગચાળો વધે. ઋતુ-પરિવર્તનથી મનુષ્યને આરોગ્યલક્ષી કષ્ટ પડે. ગંડયોગ હોવાથી આ સમયે પદ-પ્રતિષ્ઠામાં હાનિ થાય. ગવર્નમેન્ટ સાથે જોડાયેલાં લોકોને તકલીફ પડે. ખેડૂત વર્ગને કમોસમી વરસાદને લીધે તકલીફ પડે. સરહદનું વાતાવરણ અવારનવાર બગડતું જોવા મળે.

સત્તાધીશો અને વિપક્ષી પોતાનું ધાર્યું કરવા ઉતાવળા થાય. આત્મકારક મંગળ પર શનિની દૃષ્ટિ પોલીસ કર્મચારીઓના પોતાના આત્માના અવાજને અનુસરીને કાર્ય કરવામા મુશ્કેલી અનુભવે. આંતરજ્ઞાતિય લગ્નોમાં વૃધ્ધિ થાય. બારમા સ્થાનનો સ્વામી મંગળ બારમા ભાવનાકારકથી દૃષ્ટ તેમ જ મંગળ આઠમે ખાડામાં હોવાથી આંતર રાજ્ય અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ચઢાવ-ઉતાર રહે. ગમે તેટલાં સુખ-સગવડમાં ભૌતિક સાધનો અને સરકારી યોજનાઓ વચ્ચે પણ પ્રજા દરેક બાબતે અસંતુષ્ટ રહે. ખાસ કરીને ઉત્તર અને દક્ષિણના દેશોમાં વધુ ઉત્પાત થાય. આંધી-તોફાનો તેમજ ધરતીકંપથી મહાહાનિના યોગો બને. ખાદ્યસામગ્રીની તંગી વર્તાય. ઋતુ પરિવર્તનની અસર હેઠળ પશુઓ અને મનુષ્યોમાં રોગચાળો ફેલાય.

સંક્રાંતિનું સ્વરૂપ

આ વર્ષે સંક્રાંતિનું વાહન 'વાઘ' છે. ઉપવાહન અશ્વ છે. પીળાં કપડાં પહેરેલાં છે. હાથમાં આયુધ ગદા ધારણ કરેલી છે. જાતિ સર્પ છે. કેસરનું તિલક કર્યું છે. હાથમાં જૂઈનું પુષ્પ છે. તે બેઠેલી છે. મોતીનાં આભૂષણ પહેરેલાં છે. રૂપાના પાત્રમાં દૂધપાકનું ભોજન કરે છે. વાર નામ મોહદારી છે. જ્યારે નક્ષત્ર નામ મંદાકિની છે. આ દિવસે ચંદ્ર તિથિ એકાદશી છે. વાર બુધવાર છે. નક્ષત્ર અનુરાધા છે. યોગ ગંડ છે. કરણ બાલવ છે. ચંદ્ર રાશિ વૃશ્ચિક છે. સંક્રાંતિ માટે એમ મનાય છે કે, જે જે વસ્તુઓ કે વ્યક્તિઓ સાથે સંક્રાંતિને સંબંધ હોય તે વસ્તુઓ મોંઘી થાય. તે દિશાના પ્રદેશ તે તે ચીજવસ્તુઓમાં નુકસાન અને તકલીફોનો અનુભવ થાય તથા તેની સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓનો ત્રાસ થાય છે. મુહૂર્ત 30 સામ્યાર્ધ છે તેથી વરસાદ મધ્યમ સારો રહે. પૂર્વમાંથી આવીને પશ્ચિમમાં જાય. તેની દૃષ્ટિ વાયવ્ય તરફ છે. મુખ દક્ષિણ તરફ છે... જેથી પૂર્વ અને વાયવ્ય દિશાનાં લોકોને સુખ મળે. વાહન વાઘ અને ઉપવાહન ઘોડો હોવાથી તેમને અને તેમની સાથે સંકળાયેલાંઓને તકલીફ પડે. વાઘ અને અશ્વ જેવાં પ્રાણીઓમાં રોગચાળો ફેલાય. વાઘ અને ઘોડાની અમુક જાતો લુપ્ત થતી જોવા મળે. પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને વાયવ્ય પ્રદેશોમાં અરાજકતા જોવા મળે. પીળા રંગની વસ્તુઓ મોંઘી થાય. કેસરના ભાવ અને વન્ય જીવો પણ વધે. પીળી વસ્તુઓ, હળદર, સોનું, ચણા દાળ વગેરેના ભાવ વધે. સરિસૃપ પ્રાણીઓનો આશ્રયસ્થાન જવાથી તે તકલીફમાં મુકાય.... માટે વિકાસની દોટમાં સાવધાની જરૂરી છે. ચાંદીના ભાવ વધે. દૂધમાં શુધ્ધિ ના મળે અને દૂધના ભાવ વધે.

કાળચક્ર

યજ્ઞાનંદ

કન્યા છાત્રાલયોમાં રહેતી કન્યાઓને સાવચેતીપૂર્વક રહેવાની સલાહ છે

સંક્રાંતિની અવસ્થા કુમારી હોવાથી શાળા-કોલેજની બાલિકાઓનો, કન્યા જાતિઓને તેમજ તેમનાં વાલીઓએ પણ વધારે જાગૃત રહેવું પડશે. કન્યા છાત્રાલયોમાં પણ રહેતી કન્યાઓએ સાવચેતીપૂર્વક રહેવાની સલાહ છે.

સંક્રાંતિ દરમિયાન તલનું વિશેષ મહત્ત્વ છે. તલ ખાવા, તલનું અભ્યંગ (માલીશ), તલનો હોમ, તલનું દાન, તલવાળું પાણી પીવું, તલમિશ્રિત જળથી સ્નાન કરવું.

સંક્રાંતિ પુણ્યકાળ દરમિયાન નવાં વાસણ, ગાયોને ચારો, નવાં વસ્ત્ર, તલ વગેરેનું દાન કરવું.

સૂર્ય નારાયણને જળ-દૂધનો અભિષેક કરવો. પિતૃતર્પણ કરવું. શિવપૂજન કરવું.

મકરસંક્રાંતિનો પુણ્યકાળ: તા. 14-1-26ના બુધવારના બપોરે 3-8થી સાંજે 6-23 સુધીનો રહેશે.દાન ખૂબ જ જરૂરિયાતવાળી વ્યકતિને કરવું.

મકરસંક્રાંતિનો પુણ્યકાળ સૂર્યાસ્ત સુધીનો રહેશે. તે દરમિયાન તીર્થસ્નાન, જપ, દાન, ગૌ સેવા વગેરે જેવાં સત્કાર્ય પુણ્યપ્રાપ્તિ અર્થે કરવાનું શાસ્ત્રોક્ત વિધાન છે.

ઉત્તરાયન

ડિસેમ્બરમાં પૃથ્વી સૂર્યની જમણી બાજુ પૂર્વ હોય છે અને 14મી જાન્યુઆરીથી તે ઉપર ઉત્તર તરફ ગતિ કરે છે. માર્ચમાં ભમ્રણકક્ષામાં ઉત્તરમાં પહોંચે છે. માર્ચથી જૂન માસ દરમિયાન ક્રમશઃ પશ્ચિમમાં આવે છે. એટલે પૃથ્વીની ઓર્બિટમાં ઉત્તર તરફની ગતિ એ ઉત્તરાયન કહેવાય છે. સૂર્યના મકરસંક્રાંતિ સુધીના છ માસના ભ્રમણને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે.

દક્ષિણાયન

કર્ક સંક્રાંતિથી ધનસંક્રાંતિ દરમિયાન પૃથ્વી પશ્ચિમથી દક્ષિણ થઈ ફરી પૂર્વમાં આવે છે. આ છ માસના સમય ગાળાને દક્ષિણાયન કહેવામાં આવે છે.

ઉત્તરાયન એટલે દેવોનો એક દિવસ. દક્ષિણાયન એટલે દેવોની એક રાત્રિ એમ માનવામાં આવે છે. ઉત્તરાયણ વખતે દેવતાઓનો મધ્યાહ્ન અને અસુરોની મધ્ય રાત્રિ થાય છે. ઉત્તરાયણમાં દિવસ નાનો અને રાત્રિ મોટી થાય છે. જ્યારે દક્ષિણાયનમાં એનાથી ઉલટું છે.

ઉત્તરાયન અને દક્ષિણાયન- બંનેમાં ત્રણ ત્રણ ઋતુઓ છે. ઋતુઓની ગણતરી સૂર્યની સાયન સંક્રાંતિ મુજબ કરવામાં આવે છે:

ઉત્તરાયણ અને ઋતુ

મકર અને કુંભ સંક્રાંતિમાં: શિશિર ઋતુ

મીન અને મેષ સંક્રાંતિમાં : વસંત ઋતુ

વૃષભ અને મિથુન સંક્રાંતિમાં: ગ્રિષ્મ ઋતુ

દક્ષિણાયન અને ઋતુ

કર્ક અને સિંહ સંક્રાંતિ: વર્ષા ઋતુ

કન્યા અને તુલા સંક્રાંતિ : શરદ ઋતુ

વૃશ્ચિક અને ધન સંક્રાંતિ : હેમંત ઋતુ